
# GCC BOOKS STORE

**Date: 21-11-2024**

<table>
<tr><th>No.</th><th>Product</th><th>Detail</th><th>Price</th></tr>
<tr>
<td>1</td>
<td>
</td>
<td>

## ભારતીય શેરબજાર નું માર્ગદર્શન

INDEX:https://t.me/gccbooksstore/11960<br>
છેલ્લા એક દાયકામાં ભારતીયો મોટી સંખ્યામાં સ્ટોક માર્કેટમાં રોકાણ તરફ વળ્યા છે.

જોકે ૨૦૦૭માં જ્યારે મેં આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ પ્રસિદ્ધ કરી હતી ત્યારે બહુ ઓછા લોકો સ્ટોક્સમાં રોકાણનો ઈરાદો ધરાવતા હતા. તે સમયે મોટાભાગના લોકો શેરબજાર એટલે સટ્ટો એવું માનતા હતા અને તેનાથી દૂર રહેતા હતા.

વળી, તે સમયે હર્ષદ મહેતા કૌભાંડ (૧૯૯૨), કેતન પારેખ કૌભાંડ (૧૯૯૮- ૨૦૦૧) અને ડોટકોમ બબલ (૨૦૦૦-૨૦૦૧)ને પણ વધારે સમય નહોતો થયો અને લોકોના મનમાં તે બધુ હાવિ હતું.

ઉપરોક્ત ઘટનાક્રમ વખતે લોકોએ રાતોરાત તેમનું સર્વસ્વ ગુમાવી દીધું હતું. શેરબજારમાં રોકાણના શરૂઆતના તબક્કામાં મારે પણ નુકસાન સહન કરવું પડ્યું હતું. જોકે તેનાથી મારા મનમાં એક વિચાર પ્રક્રિયા શરૂ થઈ કે રોકાણની રણનીતિમાં હું ક્યાં ખોટો પડ્યો.

આથી મેં સ્ટોક માર્કેટ અંગેના પુસ્તકો વાંચવાનું શરૂ કર્યું, નિષ્ણાતોને મળવાનું શરૂ

કર્યું, અગાઉના ડેટા પોઈન્ટ્સનો ગહન અભ્યાસ કર્યો. આ તમામના નીચોડરૂપે આ પુસ્તક આપોઆપ જ આકાર લેતું ગયું. મારી આ લર્નિંગ પ્રોસેસ દરમિયાન મને સારા અને સતત પરિણામ મળતા રહ્યા

અને તેને કારણે તે જ્ઞાન અને અનુભવ અનેક લોકો સમક્ષ રજૂ કરવા માટેનો મારો

વિશ્વાસ વધ્યો.


અંગ્રેજી ટાઈટલ “Guide to Indian Stock Market" સાથેનું આ પુસ્તક સૌપ્રથમ જાન્યુઆરી ૨૦૦૭માં પ્રકાશિત થયું હતું જેમાં એવા વાચકોને શેરબજાર અંગે બેઝિક નોલેજ આપવાનો પ્રયાસ હતો, જેમને શેરબજાર વિશે કંઈ ખબર ન હતી.

વાચકોએ આ પુસ્તકને સારો પ્રતિસાદ આપ્યો અને પછી તેની હિન્દી આવૃત્તિ પ્રકાશિત થઈ અને પછી ગુજરાતી અને મરાઠી ભાષામાં આ પુસ્તક રજૂ થયું અને લાખો લોકોને તેનો લાભ મળ્યો.

અનેક વર્ષોમાં આ પુસ્તકને કારણે દેશના લાખો રોકાણકારોને શેરબજારમાં રોકાણ કરવામાં અને કમાણી કરવામાં મદદ મળી છે.

છેલ્લાં ૧૩ વર્ષમાં, અને ખાસ કરીને છેલ્લાં કેટલાક વર્ષોમાં ભારતીય શેરબજાર સંબધિત રેગ્યુલેશન્સમાં ભારે ધરખમ ફેરફાર થઈ ગયા છે. આથી મને લાગ્યું કે આ પુસ્તકમાં ખાસ્સા ફેરફાર જરૂરી છે અને આ તમામ ફેરફારો અને અપડેટ્સ સાથે આ નવી આવૃત્તિ રજૂ કરી રહ્યો છું.

મને આશા છે કે પુસ્તકની આ નવી આવૃત્તિ તમામ વાચકોને ભારતીય શેરબજારમાં રોકાણમાં અને તેમાંથી સારી એવી કમાણી કરવામાં ઉપયોગી થશે.
</td>
<td>~~₹250~~ ₹230</td>
</tr>
</table>

<table>
<tr><th>No.</th><th>Product</th><th>Detail</th><th>Price</th></tr>
<tr><td>2</td><td></td><td>

## 31 સ્ટોક માર્કેટ ટ્રેડિંગ ટિપ્સ

INDEX :https://t.me/gccbooksstore/7221

મેં શેરબજારમાં કરેલ નિરિક્ષણ પરથી હું કહી શકુ છું કે એવા દાણા લોકો છે જેઓ ટેકનીકલ એનાલિસિસનું જ્ઞાન ધરાવતા હોવા છતા તેનો મહત્તમ ફાયદો ઉઠાવી નથી શકતા. મોટાભાગના કિસ્સાઓમાં તેઓને ખ્યાલ જ નથી આવતો કે તેઓ કાં ચૂકી જાય છે. માટેજ જયારે અનેકવાર પ્રયત્ન છતા યારે તેઓ પોતાનું પરિણામ સુધારવામાં અસફળ રહે છે ત્યારે તેઓને લાગવા લાગે છે કે ટેકનીકલ એનાલિસિસના જ્ઞાનમાં ક્યાંક ખામી હોવી જોઈએ, અને છેવટે તેઓ પોતાનો આત્મવિશ્વાસ ગુમાવી બેસતા જોવાય છે. મોટાભાગના અશિક્ષિત અને અકુશળ રોકાણકારો જેઓ ટેકનીકલ એનાલિસિસ ના જાણતા હોય તેઓની હાલત તો વધુ ખરાબ હોય છે. તેઓ બધાજ શેરબજારમાં પૈસા ગુમાવતા રહે છે, અને તેઓના મનમાં આમ કેમ થાય છે? તેવો પ્રશ્ન અનેવાર ઉઠે છે, પણ જેમ મોટાભાગના લોકોની જોડે થાય છે, તેઓ પણ આ જવાબ મેળવી નથી શકતા. પણ હવે તમારે ગભરાવાની જરૂર નથી કારણકે તમે સમજી શકશો કે આમ કેમ થાય છે.

તેઓએ સમજવાની જરૂર એ છે કે આપણે જે પગલા ભરીએ છીએ તેનો આધાર પ્રથમતો આપણે શું વિચારીએ છીએ તેના પર રહે છે. અને આપણે શું વિચારીએ છીએ તેનો આધાર આપણી માન્યતાઓ પર રહે છે. અને આપણી માન્યતાઓ વર્ષોથી જે વાતાવરણમાં ઉછરીએ છીએ, જેવા લોકો જોડે મોટાભાગનો સમય વિતાવીએ, પછી તે દાર હોય કે ઓફીસ, આપણે જે પુસ્તકો વાંચીએ, જેવા પરિબળો પર આધાર રાખે છે. આ સત્ય શેરબજારમાં પણ લાગુ પડે છે.

મોટાભાગના રોકાણકારો અને ટ્રેડરોને શેરબજારમાં યોગ્ય સમયે યોગ્ય સલાહકાર મળ્યા નથી હોતા. ૧૦ માંથી ૯ લોકો એવા લોકોના સંપર્કમાં જ આવ્યા કરે છે જેઓ તેમના જેવી જ ખોટી માન્યતાઓ ધરાવતા હોય છે, માટે વાત જયારે પરિણામ સરખાવાની આવે છે તો સ્વાભાવિક છે કે તે પણ સરખાજ હોય છે. આમ વર્ષોના ખોટા માનસપલોટને લીધે વાત ટ્રેડિંગની આવે કે રોકાણની, મોટાભાગના લોકો પોતાની ભૂલોનું પુનરાવર્તન ફરીને ફરી કરતા રહે છે. પરિણામ બદલવા પહેલા, તેઓજે ભૂતકાળમાં કરતા આવ્યા છે અને જે રીતે કરતા આવ્યા છે તે રીત બદલવી પડે. અને તેઓ જે કરતા આવ્યા છે,


કરતા આવ્યા છે તે રીત બદલવી પડે. અને તેઓ જે કરતા આવ્યા છે, અને જે રીતે કરતા આવ્યા છે તે રીતને બદલવા પહેલા તેઓએ પોતાની વિચાશ્રેણી બદલવી પડે. જયાં સુધી તેઓ આમ નહી કરે ત્યાં સુધી તેઓ પોતાની ભૂલોનું પુનરાવર્તન કરતા રહે છે.


માટેજ મને જરૂરી લાગ્યું કે મારે એક પુસ્તક લખવું જરૂરી છે જેમા એવા વ્યવહારુ નિયમો, કે ટીપનો સમાવેશ કરવામાં આવ્યો હોય જેની મદદથી ટ્રેડર અને રોકાણકારો પોતાના ટ્રેડિંગ અને રોકાણમાં મળતા પરિણામોમાં પ્રચંડ સાકારાત્મક સુધાર લાવી શકે. આ વિવિધ ટિપ વાંચીને આસાનીથી સમજી શકાય એવી છે જેની મદદથી ટ્રેડરો અને રોકાણકારો તેઓમાં સામાન્યપણે મોજૂદ અનેક ખોટી માન્યતાઓને આસાનીથી દૂર કરશે. જે વિવિધ ટીપનો સમાવેષ આ પુસ્તકમાં કર્યો છે તેનું ચયન વિવિધ ઉમ્મરના ટ્રેડર અને રોકાણકારોના અભ્યાસ અને મારા અનુભવને આધારે કરવામાં આવ્યું છે.


એક્વાર તમે આ ૩૧ ટીપ ને વાંચીને તેમાં રહેલ જ્ઞાનને ગ્રહણ કરી લેશો પછી મને વિશ્વાસ છે કે તમારી વિચારશ્રેણીમાં એક ગંભીર સાકારાત્મક બદલાવ આવશે, જે નિશ્ચિત કરશે કે શેરબજારમાં તમે ટ્રેડિંગ કરો કે પછી રોકાણ તમને સર્વાને ખુબ સાકારાત્મક પરિણામ જ મળશે.


એક્વાર તમે આ પુસ્તકમાં દર્શાવેલ ટીપમાંથી જ્ઞાનને ગ્રહણ કરી લેશો એટલે તમે વધુ સારા નિર્ણયો લેતા થશો, અને શેરબજારમાં પગલા ભરવાની વાત આવે ત્યારે હંમેશા શિસ્ત સાથે વર્તશો. સાચા જ્ઞાન અને શિસ્તનો સમન્વય આપણને સાચા નિર્ણય લેવામાં મદદ કરે છે અને તે નિશ્ચિત કરે છે કે આપણે શેરબજારમાં સફળતા મેળવીએ.


</td><td>~~₹225~~ ₹210</td></tr>
</table>


| No. | Product | Detail | Price |
|---|---|---|---|
| **3** |  | ## ઇન્વેસ્ટમેન્ટ પ્લાનિંગ<br>INDEX :https://t.me/gccbooksstore/7260<br>આપણી તમામ જરूરિયાતો અને લક્ષ્યાંકને પૂરા કરવા માટે જીવનના દરેક તબક્કે નાણાંની જરૂર પડતી હોવા છતાં ખૂબ જ દુર્ભાગ્યની વાત છે કે આપાણા પૈકી મોટાભાગના લોકો નાણાકીય બાબતે બેદરકાર છે અને રોકાણના આયોજન પાછળ અને સમાયંતરે તેની વૃદ્ધિ કેવી રીતે થાય તે માટે ભાગ્યે જ સમય આપે છે.<br><br>મોટાભાગના લોકો બચત કરે છે પરંતુ તેનું યોગ્ય રોકાણ નથી કરતા જેને કારણે સંપત્તિનું ઓછું સર્જન થાય છે.<br><br>ઘણાં લોકો તો તેમની બચત અને કમાણીની મહામૂલી મૂડીનું રોકાણ ક્યાં કરવું તેના તમામ વિકલ્પો પણ જાણતા નથી હોતા અને કેટલાક લોકોને તેનું પૂરતું જ્ઞાન પણ નથી હોતું. ઘણાં લોકોને એ વાતની જાણકારી નથી હોતી કે તેઓ વિવિધ ડિડક્શન મારફતે કાયદેસર રીતે તેમનો ટેક્સ(કર) કેવી રીતે બચાવી શકે છે. આ પુસ્તક આવા તમામ લોકો માટે છે. ટૂંકમાં, આ પુસ્તક એવા લોકો માટે છે, જેઓ કમાણી કરે છે, અથવા ટૂંક સમયમાં કમાણી શરૂ કરવાના છે.<br><br>આ પુસ્તકની શરૂઆતમાં બચત અને રોકાણનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું છે, ત્યાર પછી તમામ પ્રકારના વીમા(ઈન્સ્યોરન્સ)ની જરૂરિયાત અને મહત્ત્વ વિશે સમજણ અપાઈ છે અને ત્યારપછી રોકાણના મુખ્ય વિષય પર વિસ્તૃત માહિતી આપવામાં આવી છે.<br><br>આ પુસ્તકમાં રોકાણના વિવિધ વિકલ્પોની વાત કરવામાં આવી છે જેમાં ઓછું એખમ ધરાવતી બેંક ડિપોઝીટ, પીપીએફ, એનએસસી, મ્યુચ્યુઅલ ફંડ્સ, વગેરેથી લઈને વધુ જોખમ ધરાવતા શેર, કોમોડિટીઝ કે રિયલ એસ્ટેટ જેવા વિકલ્પોની પણ રજૂઆત કરવામાં આવી છે જેના દ્વારા તમે સમય જતાં તબક્કાવાર રીતે તમારી સંપત્તિનું સર્જન કરી શકો છો. | ~~₹275~~ ₹250 |



| No. | Product | Detail | Price |
|---|---|---|---|
| **4** |  | ## શેર નું ફંડામેન્ટલ એનાલિસિસ<br>INDEX :[https://t.me/gccbooksstore/11751](https://t.me/gccbooksstore/11751)<br>તમે એ કહેવત તો સાંભળી જ હશે કે “ઈક્વિટીમાં લાંબા ગાળાનું રોકાણ એ સંપત્તિ સર્જનનો સૌથી સફળ માર્ગ છે.' જોકે બીજી પણ એક ◌ાણીતી હકીકત છે કે ૪૦ ટકા લોકો શેરબજારમાં નાણાં ગુમાવે છે, ખાસ કરીને સરેરાશ રિટેલ રોકાણકાર<br><br>શેરબજ઼માં રોકાણ કરવું સરળ છે, પરંતુ તેમાંથી તગડો નફો કમાવો એ એટલું સરળ નથી. ઘણાં નવા-સવા રોકાણકારોને અનુભવ થયો હશે કે તેઓ પહેલી વાર શેર ખરીદે તે પછી તેનો ભાવ અડધો થઈ ગયો હોય છે.<br><br>શા માટે આવું બને છે? કારણ એ કે સરેરાશ રોકાણકાર તેની પરસેવાની કમાણીનું જે કંપનીમાં રોકાણ કરે છે તેના વિશે જરા પણ રિસર્ચ કરતા નથી. તે કોઈ મિત્ર, સાથી કર્મચારી પાસેથી કે ફાઈનાન્શિયલ મેગેઝિનમાં જે ટિપ્સ મળે તેના આધારે જ રોકાણ કરી દે છે. કંપની વિશેની પૂરતી માહિતી મેળવ્યા વગર જ તે શેર ખરીદે છે અને વેચી દે છે. તેને કારણે મોટાભાગના કિસ્સામાં રોકાણમાં નુકસાન થવાનો વારો આવે છે.<br><br>કોઈપણ કંપનીમાં રોકાણ કરતા પહેલાં તેના વિશે કેવી રીતે વિશ્લેષણ કરવું અને તેની સાચી વૈશ્યૂ કઈ રીતે ની કરવી તેના વિશે રોકાણકારોમાં પૂરતી જાગૃતિ હોતી નથી. તેને કારણે આવું થાય છે.<br><br>રોકાણકારને ૫ થી ૧૦ વર્ષ કે તેનાથી વધુ સમયના ગાળામાં ૫૦૦ ટકા કે ૧૦૦૦ ટકા અને કેટલાક કિસ્સામાં તો ૧૦,૦૦૦ ટકા જેવું જબરદસ્ત વળતર આપનારા અનેક મલ્ટિગર સ્ટોક્સ છે. બીજી તરફ એવા પણ કોર છે, જેમાં રોકાણ કરનારાની સંપત્તિનું ૮૫-૯૫ ટકા ધોવાણ થઈ ગયું છે. આથી એટલું તો સ્પષ્ટ છે કે શેરની પસંદગી કરવી એ કંઈ સહેલું નથી. યોગ્ય સમયે યોગ્ય ભાવે શેરની પસંદગી અને ખરીદી કરવા માટે યોગ્ય મૂલ્યાંકન અને સિસ્ટેમેટિક એપ્રોચ જરૂરી છે.<br><br>ફ્રેન્ડામેન્ટલ એનાલિસિસ એ ર્મક કે બટની ઇન્ટિન્સિક બેલ ની કા<br><br>માટેની પદ્ધતિ છે. જેના હારો લીધા ગાળાના રોકના અવસર નોંધી શકાય છે. આર્થિક, નાળાકીય અને અન્ય ગાન અને સંખ્યા પિળોને આધારે આ એનાલિસિસ થાય છે, જે માહિતીનું એનાલિસિસ(વિશ્લેષણ) કરવામાં આવે છે તેમાં કંપનીના નાણાકીય પરિણામ અને નોન-કાઇનાનિશ્વલ વિગતો જેવી કંપની દ્વારા વેચાતી વસ્તુઓની માંગમાં વૃદ્ધિનો અંદાજ, કંપનીનું મેનેજર્મન્ટ,<br><br>ઉદ્યોગની સરખામણી અને સમગ્ર અર્થતંત્રની થતા હે, સરકારની નીતિઓમાં<br><br>થતા પરિવર્તન, વગેરેનો સમાવેશ છે.<br><br>આ પુસ્તકનો કેતુ સામાન્ય રિટેલ રોકાણકારને શેરના ફન્ડામેન્ટલ એનાલિશિયન પાયાની બાબતોથી વાકેફ કરવાનો છે, જેથી તે તેની પરસેવાની કમાણીથી ભેગી કરેલી મૂડીનું ર્ડામેન્ટલી મજબૂત કંપનીમાં જ રોકાણ કરે, મતલબ કે જે શેરમાં વેલ્યૂ હોય, ભવિષ્યમાં વૃદ્ધિની વ્યાપક શક્યતા હોય, સારું મેનેજમેન્ટ હોય, તેવી કંપનીમાં રીકાણ કરે. આ સાથે જ નબળું ફન્ડામેન્ટલ ધરાવતા શેરોની પણ ઓળખ કરે અને તેનાથી દૂર રહે,<br><br>એક સામાન્ય-સરેરાશ રીકાણકારને ઈન્ટેલિજન્ટ ઈન્વેસ્ટર બનવામાં આ પુસ્તક મદદરૂપ થશે તેવી આશા છે જેથી તે ફન્ડામેન્ટલી મજબૂત કંપનીમાં રોકાણ કરી શકે અને લાંબા ગાળે સંપત્તિનું સર્જન કરી શકે.<br><br>પુસ્તકો વાંચીને અને તેમાંથી જ્ઞાન પ્રાપ્ત કરવા પર ભાર મૂકવાની સાથે અમને બેન્જામિન ફ્રેન્કીનનું એક સૂત્ર અહી ઉલ્લેખ કરવાનું મન થાય છે. તેમણે કહ્યું હતું કે ““જ્ઞાનમાં કરેલું રોકાણ સૌથી સારું વ્યાજ આપે છે”, | ~~₹300~~ ₹270 |


| No. | Product | Detail | Price |
| --- | --- | --- | --- |
| **5** |  | ## મેક મની વિથ પ્રાઇસ એક્શન ટ્રેડિંગ<br>INDEX :[https://t.me/gccbooksstore/11667](https://t.me/gccbooksstore/11667)<br>લોકો શેરબજારમાં કમાણી કરવાના ઈરાદા સાથે આવે છે. પરંતુ મોટાભાગના લોકો તેમના આ ઈરાદામાં સફળ થતા નથી અને કેટલાક તો નાણાં ગુમાવીને જાય છે. ટ્રેડિંગમાં નિષ્ફળતાનું મૂળ કારણ જ્ઞાનનો અભાવ અને પૂરતા રિસર્ચનો અભાવ તથા શિસ્તનો અભાવ છે.<br>હું માનું છું કે કોઈપણ વ્યક્તિ ટ્રેડિંગ કે રોકાણ દ્વારા નાણાં કમાવવા ઈચ્છતા હોય તો તેમણે સૌ પ્રથમ તો આ ફિલ્ડમાં કઈ રીતે સફળ થવાય તે શીખવું જોઈએ. આ ઉપરાંત આ શીખવા માટે જરૂરી ટૂલ્સ વિશે સમજ મેળવવી જરૂરી છે જે તેમને ટ્રેબલ સિક્યુરિટીઝ અને સમગ્ર માર્કેટનું એનાલિસિસ કરવામાં મદદરૂપ થશે.<br>ટેકનીકલ એનાલિસિસ અનેક પદ્ધતિઓ પૈકી એક પદ્ધતિ છે જેના વિશે તમે શીખી શકો છો અને માર્કેટમાં ટ્રેડિંગ દરમિયાન તેનો ઉપયોગ કરી શકો છો. ટેકનીકલ એનાલિસિસમાં અનેક ટૂલ્સ અને સ્ટડિઝ છે જેનો સિક્યુરિટીઝ એનાલિસિસમાં ઉપયોગ કરી શકાય છે. જોકે પ્રાઈસ એક્શન સૌથી સરળ ટૂલ કે ટેકનિક છે, જે સ્ટોક્સ, કોમોડિટી, કરન્સી, ફોરેક્સ માર્કેટ અને અન્ય ટ્રેડેબલ એસેટ્સનું એનાલિસિસ કરવામાં મદદરૂપ થાય છે.<br>પ્રાઈસ એક્શન એ ટેકનીકલ એનાલિસિસની સૌથી અગત્યની બ્રાન્ચ પૈકી એક છે. કોઈપણ સિક્યુરિટીમાં ભાવ અને વોલ્યૂમનું એનાલિસિસ કરવામાં તે ઉપયોગી થાય છે. તેનાથી ટ્રેડિંગ અંગે અસરકારક નિર્ણય લેવામાં મદદ મળે છે.<br>મેં ખૂબ સરળ ભાષામાં આ પુસ્તક લખવાનો શ્રેષ્ઠ પ્રયાસ કર્યો છે. ટ્રેડિંગ ક્ષેત્રે શરૂઆત કરી રહેલા યુવાઓને તેમાં દર્શાવેલા વિવિધ કન્સેપ્ટ્સ સરળતાથી સમજવામાં મદદરૂપ થશે. મેં પ્રાઈસ એક્શન અને ક્લાસિકલ ચાર્ટ પેટર્નનું એનાલિસિસ કેવી રીતે કરવું તે પણ સમજાવ્યું છે જે તમને સ્ટોક્સ અંગે યોગ્ય નિર્ણય લેવામાં મદદરૂપ થશે.<br>આ પુસ્તકની શરૂઆત પ્રાઈસ એક્શન ટ્રેડિંગના મૂળભૂત સિદ્ધાંતથી થાય છે અને પછી સપોર્ટ, રેઝિસ્ટન્સ, કેન્ડલસ્ટિક પેટર્ન, ચાર્ટ પેટર્ન અને વોલ્યુમ એનાલિસિસ જેવા વિવિધ કન્સેપ્ટ્સ આપવામાં આવ્યા છે. મેં રિસ્ક મેનેજમેન્ટ, પોઝિશન સાઈઝિંગ સ્ટોપ લોસ થિયરી, વગેરે ટ્રેડિંગ સંબંધિત વિવિધ વિષયો અંગે અલગ ચેપ્ટર લખ્યા છે જે તમને સિક્યુરિટીઝમાં ટ્રેડિંગ સંબંધિત વ્યાપક ષ્ટિકોણ અપનાવવામાં મદદરૂપ બનશે.<br><br>હું એવા ઘણાં લોકોને મળ્યો છું જેઓ ટ્રેડિંગ તો કરે છે, પરંતુ ચાર્ટ પેટર્નનો ઉપયોગ કરીને એન્ટ્રી તથા એક્ઝિટ લેવલ નક્કી કરવામાં તેમને મુશ્કેલી પડે છે. આ મુશ્કેલીનો ઉકેલ લાવવા માટે મેં ૫૦ જેટલા કેસ ડિઝ પણ આ પુસ્તકમાં આપ્યા છે જે પ્રાઈસ એક્શન ટ્રેડિંગ સંબંધિત મોટાભાગની સમસ્યા દૂર કરી દેશે તેવો મને વિશ્વાસ છે.<br>મને આશા છે કે તમને આ પુસ્તક ખૂબ જ ગમશે અને ઉપયોગી થશે.<br>આ પુસ્તકમાં આપવામાં આવેલા ટૂલ્સનો ઉપયોગ કરવાનું શરૂ કરી દો. તેના આધારે પ્રાઈસ એક્શન સેટ-અપ પકડી પાડવાની ટ્રેનિંગ શરૂ કરી દો. યાદ રાખો, પ્રાઈસ એક્શનનો ઉપયોગ કરવામાં કૅસિસ્ટંસી ખૂબ જરૂરી છે અને તે હશે તો ટ્રેડિંગ માં તમે ચોક્કસપણે સફળ થશો જ.<br>250+ પેજ ની દળદાર બુક છે અને સંપૂર્ણ Price Action ગુજરાતીમાં સમજાવેલ છે | ~~₹350~~ ₹320 |


| No. | Product | Detail | Price |
|---|---|---|---|
| **6** |  | **ટેક્નિકલ એનાલિસિસ અને કેન્ડલસ્ટિકનું માર્ગદર્શન**<br>INDEX :https://t.me/gccbooksstore/11675<br>નાણાકીય બજારોમાં પૈસા કમાવા માટે ઉત્તમ તકો મોજુદ રહે છે. એ વાત હકીકત છે કે પૈસા કમાવા માટે આ ઉત્તમ સ્થળ છે. તો પછી કેમ મોટાભાગના લોકો શેરબજારમાં પૈસા ગુમાવી બેસતા જોવાય છે? આ પ્રશ્નનો ઉત્તર મેળવવા માટેમેં ઘણા રોકાણકારો અને ડરોનું નિરીક્ષણ કર્યું. મારા નિરીક્ષણ અને સંશોધન પછી મને સમજાયું કે મોટાભાગના રોકાણકારો કે ટ્રેડર, અધુરા જ્ઞાન અને આવડતના અભાવ સાથે બજારમાં ઝંપલાવે છે.<br><br>વ્યવસ્થિત વ્યૂહરચનાને અભાવે, તેઓ સ્પષ્ટ નિર્ણયો લેવા માટે અક્ષમ હોય છે, અને માટે આગળ જતા મોટી ભૂલો કરી બેસતા જોવાય છે, જે તેઓ માટે આર્થિક રીતે ખૂબ હાનિકારક સાબિત થઈ શકે છેઆ હકિતની સમજાતા મેં આ પુસ્તક લખવાનો નિર્ણય કર્યો. મને લાગ્યું કે એક એવું પુસ્તક, એક એવું શસ્ત્ર લોકો પાસે હોય તે જરૂરી છે, જેની મદદથી તેઓ શેરબજારમાં ઉપલબ્ધ તકોનો ઉત્તમ ફાયદો મેળવી શકે. મને એ જરૂરી લાગ્યું કે લોકો એટલા સક્ષમ તો થવા જ જોઇએ કે પોતાની મહેનતની કમાણીને ક્યાં અને કેવી રીતે રોકાણ કરવું તેનો નિર્ણય પોતે લઇ શકે.<br><br>આ પુસ્તકની શરૂઆત શેરબજારના મૂળભૂત પાયાના જ્ઞાન સાથે થાય છે. જેથી જેઓ શેરબજારમાં નવા છે તેઓ તેને પાયાથી સમજી શકે. આગળ જતા પુસ્તક આપણને ટેકનીકલ એનાલિસિસ વિષે સુપરિચિત કરાવે છે, જેના પર આ પુસ્તકનો વિષય કેન્દ્રિત છે. આ પુસ્તકમાં કેન્ડલસ્ટિક ચાર્ટિંગની પધ્ધતિ પણ વિસ્તારથી સમાવામાં આવી છે. જેની મદદથી આપણે ચાર્ટને જોતા સાથે શું થઇ રહ્યું છે તેને વધુ સ્પષ્ટ રીતે સમજી શકીએ છીએ અને તેની મદદથી ઘણા ખરીદ અને પંચાણના સંકેતોની આગોતરી જાણકારી મેળવી શકીએ છીએ, જે સમાન્ય પ્રકારના ચાર્ટમાંથી લોકો નથી મેળવી શકતા.<br><br>મોટાભાગના રોકાણકારો જ્યારે શેરબજારમાં પ્રવેશે ત્યારે તેઓને જે પ્રશ્નો સતાવે છે તે છે, શું ખરીદવું? ક્યારે ખરીદવું? કેટલો સમય જાળવવું? અને ક્યારે વેચવું? આ પ્રશ્નોના હલ આ પુસ્તકમાં ખૂબ સારી રીતે સમજાવ્યા છે. આ પુસ્તકની મદદથી તમે મંદીવાળા અને તેજીવાળા બન્ને પ્રકારના બજારોમાં ઓછામાં ઓછા જોખમ સાથે ફાયદો મેળવી શકો છો. આ પુસ્તકમાં દર્શાવેલ ટેકનિકમાં નિષ્ણાત થયા પછી તમારે શું કરવું તે તમારા હાથમાં છે. તમે રક્ષણાત્મક રોકાણકાર હોવ કે આક્રામક, પૈસા કમાવા એતો બધાને ગમે છે, અને આ પુસ્તકનો હેતું એ જ છે કે તમે એટલા સક્ષમ બનો કે નફો એ નસીબનો વિષય નહી પણ એ તમારી આદત બની જાય.<br><br>લોકો કહે છે કે શેરબજારમાં સફળ થવા માટે નસીબ જોઇએ, પણ હકિત એ છે, કે શેરબજારમાં સફળ થવા માટે જરૂરી જ્ઞાન અને વ્યૂહાત્મક દિમાગ હોવું જરૂરી છે. આટલુ હોય તો નસીબ તો આપો આપ સારા થઈ જાય છે. હવે તમારે ક્યોં વિકલ્પ પસંદ કરવો તે તમારા હાથમાં છે. તમે સામાન્ય અજ્ઞાની લોકોના ટોળામાં રહીને પોતાના નસીબને કોસવા કરતા, આ પુસ્તકને વાંચી, આમાં દર્શાવેલ જ્ઞાન અને ટેકનિકને હસ્તગત કરી તેમાં મહારત મેળવી એવા લોકોના જૂથમાં સામેલ થઇ શકો છો જેઓ શેરબજારનો મહત્તમ ફાયદો ઉઠાવીને નફો રળે છે. આવા દિગવિજયી લોકોના જૂથમાં તમારૂ સ્વાગત છે<br><br>રવિ પટેલ, અમદાવાદ, ગુજરાતમાં સ્નાતક થયા છે. તેઓ ઘણી મેનેજમેન્ટ ઇન્સ્ટિટ્યૂટમાં વિઝિટિંગ કે ફ્લ્ટિ તરીકે જોડાયેલ છે. તેઓ અમદાવાદમાં ટેકનીકલ એનાલિસિસના કોર્સ પણ ચલાવે છે, અને તેઓના શેરબજાર અને ફાઈનાન્સ સંબંધિત લેખ ગુજરાતના અગ્રણી છાપાઓ જેમકે ચાણક્ય અને ન્યુઝલાઇનમાં આવેછે.<br><br>આ પુસ્તક દ્વારા તમે<br><br>ચાર્ટનું સફળતા પૂર્વક અર્થઘટન કરતા શીખશો ટ્રેન્ડની સ્થાપના અને ટ્રેન રિવર્સલ ક્યારે થશે તે નક્કી કરી શકશો અગત્યના ટેકા અને અવરોધના સ્તરોને શોધી શકશો. બ્રેઆઉટ અને બ્રેકડાઉનના નિર્ણાયક તબક્કાઓ જાણી શકશો<br><br>મને સૌથી મહત્વની વાત<br><br>તમારે કારે લેલ કરવું, કલા સુધી વેણ જાળવવું, અને ક્યારે વેચવું તેના ઉત્તર તમે ટેકનીકલ એનાલિસિસ અને કેન્ડલસ્ટિક ચાર્ટર્ડના જ્ઞાનની મદદથી જાતે મેળવી શકશો<br><br>અને દરેક પ્રકારના બજારમાં તમે નફો મેળવી શકશો | ~~₹250~~ ₹230 |

| No. | Product | Detail | Price |
| --- | --- | --- | --- |
| **7** |  | ## ઈન્ટ્રા ડે ટ્રેડિંગ નું માર્ગદર્શન<br>INDEX :https://t.me/gccbooksstore/11972<br>ડે ટ્રેડિંગનો પરિચય<br>ડે ટ્રેડિંગનો આરંભ કઈ રીતે કરશો ? સ્ટોપ લોસની થિયરીનો કઈ રીતે ઉપયોગ કરશો ? ડે ટ્રેડિંગ કરતી વખતે આ બાબતોથી દૂર રહો. ડે ટ્રેડિંગ માટેના શેર્સની પસંદગી કરવા માટેના વ્યૂહો ડે ટ્રેડિંગ કેવી રીતે શરૂ કરશો ? ટેનિકલ એનાલિસીસ ઓળિયા ઊભા કરવાના અને ઓળિયા કાઢી નાંખવાના વ્યૂહો ફ્યૂચર્સમાં ડે ટ્રેડિંગ કેવી રીતે કરશો ?<br>ઓનલાઈન ટર્મિનલ્સ<br>આ સિવાય અન્ય મહત્ત્વના પ્રકરણોને આવરી લેવામાં આવ્યા છે.<br>દેશમાં 3 ટ્રેડિંગનો આરંભ થયો ત્યારથી ડે ટ્રેડિંગ કે ઇન્ટ્રા ડે ટ્રેડિંગ કરવામાં લોકોનો રસ કૂદકે ને ભૂસકે વધી રહ્યો છે. તેનું મુખ્ય કારણ એ છે કે ઇન્ટ્રા ડે કે 3 ટ્રેડિંગ કરવા માટે બહુ જ નાની મૂડીની જરૂર પડે છે. | ~~₹250~~ ₹230 |

| No. | Product | Detail | Price |
|---|---|---|---|
| 8 |  | **સ્વિન્ગ ટ્રેડિંગ વિથ ટેક્નિકલ એનાલિસિસ**<br>INDEX :[https://t.me/gccbooksstore/11982](https://t.me/gccbooksstore/11982)<br>સ્વિંગ ટ્રેડિંગ એ અમુક દિવસ કે અમુક કેન્ડલની અવધી માટે જેતે ટાઈમ ફ્રેમમાં સોદો ઉભો કરવાની પદ્ધતી છે.<br><br>આ પુસ્તક તમને સ્વિંગ ટ્રેડિંગ જે ટુંકાગાળાની ટ્રેડિન્ગ પદ્ધતી તેમાં મહારત મેળવ્વામાં મદદ કરશે.<br><br>આ પુસ્તક તમને સ્વિંગ ટ્રેડિંગની ટુંકાગાળાની ટાઇમફ્રેમમાં ક્યારે સોદો દાખલ કરવો, ક્યાં સુધી સોદો જાળવ્વો, અને ક્યારે વેચીને બાહર નીકળવું વગેરે જેવા મહત્વના પ્રશ્નેના જવાબ મેળવ્વામાં મદદ કરશે, જેના થકી તમે જ્યારે પણ સ્વિંગ ટ્રેડિંગ આધારીત સોદો કરો ત્યારે મોટાભાગનો નફો ધરભેગો કરી શકો.<br><br>GCC BOOKS STORE, [10/13/2024 1:04 AM]<br>મોટાભાગના ટ્રેડરને ટુંકાગાળે સોદા કરીને પૈસા કમાવામાં રસ હોય છે. પણ તેઓ એવી કોઈ વ્યૂહરચનાને નથી અનુસરતા જેનાથી તેઓને સતત સારૂ પરીણામ મળે. આવા ટ્રેડર માટે નહિવત જોખમે સારા પૈસા કમાવા માટે સ્વિંગ ટ્રેડીગ એક ઉત્તમ વ્યૂહરચના છે.<br><br>જ્યારે આપણે ટુંકાગાળે બજારમાં સોદા કરીએ છીએ ત્યારે આપણો હેતું, યોગ્ય સમયે સોદો દાખલ કરવો, યોગ્ય સમય માટે સોદો જાળવ્યો, અને યોગ્ય સમયે નફો ધરભેગો કરવા નો રહે છે. સ્વિંગ ટ્રેડિંગની પદ્ધતી આપણને આમ ખુબ આસાનીથી કરવાનો મોકો આપે છે. એટલું જ નહી, આ વ્યૂહરચના એ તકેદારી રાખે છે કે આપણે કોઈ પણ એવી પોઝીશનને જાળવી ના રાખીએ જે પરીણામ ના આપતી હોય, ભલે તે શેર હોય, ઇન્ડેક્ષ હોય, કોમોડીટી હોય કે ફોરેક્સ હોય. સ્વિંગ ટ્રેડિંગમાં ટાઈમને આધારે સ્ટોપલોસનું પરીબળ એ સુનિશ્રિત કરે છે કે આપણે પરિણામ ના આપી શકે તેવી પોઝીશનમાંથી નીકળી જઈએ અને નક્કી કરેલ દિવસોથી વધારે તેને ના જાળવીએ.<br><br>એટલા દિવસ રાખવા તેવી કોઈ ચોક્કસ દિવસની ગણત્રી પર તો કોઈ સર્વાનુમત હજી શક્ય નથી બન્યો. પરંપરાગત ધોરણે સ્વિંગ ટ્રેડિંગમાં ૨ દિવસથી લઇને ૭ દિવસ સુધી પોઝીશન જાળવ્વાનું કહેવાય છે. ધણા ૧૦ દિવસ સુધી પણ પોઝીશન જાળવ્વાની છુટ લેતા જોવાય છે, પણ મોટાભાગે આનાથી વધુ દિવસનો સમયગાળો ગણત્રીમાં નથી લેવાતો.<br><br>આ પુસ્તકમાં મેં એવી વ્યૂહરચના સમજાવી છે જેમા તમે જયારે સ્વિંગ ટ્રેડિંગને આધારે સોદો કરો ત્યારે તે પોઝીશન તમે ૨થી ૩ દિવસ અને વધુની ગણત્રીથી જ લો છો. પણ વાત જયારે પોઝીશન કેટલા દિવસ જાળવ્વી તેની આવે છે ત્યારે તેનો આધાર કોઇ પુર્વ નિર્ધારીત ચોક્કસ દિવસને આધારે ના હોવો જોઈએ, જયાં સુધી લીધેલ પોઝીશનમાં સાકારાત્મક સુધારાનો દોર ચાલુ રહે. તેનો અર્થ એ થયો કે તમે પોઝીશન ત્યાં સુધી જાળવી રાખો છો જયાં સુધી ભાવ પુરી તાકાતથી સુધરતો રહે. તમારે પોઝીશન ત્યારેજ સરખી કરવાની રહે છે જયારે ભાવ સુધરવાના બંધ થઈ જાય, અને કોઈ કેન્ડલ આધારીત બાહર નીકળવાનો સંકેત મળે,પેટર્ન, અથવા ટ્રેલિંગ સ્ટોપના અંધારે નીકળવાના સીહળવા મળે. એક લાંબો ટ્રેન્ડ સ્થાપિતર થીકળવાય પછી શેર કોન્સોલિડેશનમાં જાય તે પહેલા તેમાંથી બાહર સુધારો જોવાય પછી ભાવ કોન્સોલિડેશનમાં જઈ જઈ શકે છે. ચોક્કસ દિવસોને આધારે બાહર નીકળવાની વાત ત્યારે જ આવે છે જયારે પોઝીશન લઈ લીધા પછી એકાદ સપ્તાહ વિતે છતા તેમાં કોઈ ધાર્યુ પરીણામ નથી નીકળતું. આવા સમયે તમને ભલે નફો થતો હોય કે નુકશાન, ટ્રેડરે પોઝીશન વેચી બાહર નીકળી જવું પડે.<br><br>આ પ્રકારની ઉપર દરશાવેલ વ્યૂહરચનાને અનુસરીને તમે સુનિશ્રિત કરો છો કે તમે ટુંકાગાળે ઉભા થતા અને અમુક દિવસ ટકતા ટ્રેન્ડનો મહત્તમ ફાયદો ઉઠાવી શકો.<br><br>બીજા પ્રકારના ટ્રેડિંગમાં ટ્રેડર જાળવણી માટે કોઈ ચોક્કસ દિવસ નક્કી નથી કરતા. જેથિ તેઓ પડી રહેતી પોઝીશનને ધાર્યા કરતા ખુબ લાંબો સમય જાળવતા જોવા મળે છે. ટ્રેડિંગની વ્યૂહરચનાની આ પ્રકારની ખામીને લીધે મોટાભાગના ટ્રેડરને ખુબ મોટા નુકશાન ભોગવ્વાનું આવે 8.<br><br>જે ટ્રેડર સ્વિંગ ટ્રેડિંગની પદ્ધતીને અનુસરે છે તેઓ આ પ્રકારની ભુલ નથી કરતા. સ્વિંગ ટ્રેડિંગમાં ટાઈમ આધારીત સ્ટોપલોસને અનુસરીવાને લીધે આ ટ્રેડિંગ પદ્ધતીમાંથી ઉપર જણાવેલ ખામીને દુર કરવામાં આવી છે, જે ખામી બીજા પ્રકારના ટ્રેડિંગમાં મોજુદ રહે છે.<br><br>બજારમાં સચોટપણે ટાઈમીન્ગ કરી શકવું, જેથી યોગ્ય સમયે સોદો દાખલ થાય અને તેમાંથી બાહર નીકળાય તે સ્વિંગ ટ્રેડિંગમાં સરળતાની ચાવી છે.<br><br>આ પુસ્તકમાં ટેકનીકલ એનાલિસિસના મૂળભૂત જ્ઞાનનો સમાવેશ કરવામાં આવ્યો છે, અને સ્વિંગ ટ્રેડિંગને કેવી રીતે અનુસરવું તેને અનેક કેસ સ્ટડી દ્વારા વિસ્તાર પુર્વક સમજાવ્વામાં આવ્યું છે. એની મદદથી તમે સ્વિંગ ટ્રેડિંગ ખુબ આસાનીથી અને સફળતા પુર્વક કરી શકશો.<br><br>રવિ પટેલ | ~~₹275~~ ₹250 |

| No. | Product | Detail | Price |
|---|---|---|---|
| **9** |  | ## ફ્યુચર્સ અને ઓપ્શનનું માર્ગદર્શન<br>INDEX :https://t.me/gccbooksstore/11458<br>૨૦૦૧માં ફ્યુચર્સ અને ઓપ્શન્સના ટ્રેડીંગનો આરંભ થયો ત્યારથી તેમાં થતા સોદાઓનું વોલ્યુમ કુદકે અને ભુસકે વધી રહયું છે. આ અગાઉ અમે “ભારતીય શેરબજારનું માર્ગદર્શન”, “ભારતીય મ્યુચ્યુઅલ ફંડનું માર્ગદર્શન” તથા “ભારતીય કોમોડીટી બજારનું માર્ગદર્શન” નામે પ્રકાશિત કરેલા પુસ્તકોના વાચકો તરફથી અદભુત પ્રતિભાવ મળ્યો છે. અમારા આ પુસ્તકોના સંખ્યાંબંધ વાચકોએ અમારો સંપર્ક ર્યો હતો. સામાન્ય લોકોને બજારો અંગે સુમાહીતીગાર કરવા માટે આ પુસ્તકો લખવા બદલ અમારો આભાર માન્યો હતો. આ પુસ્તકોમાં બજાર અંગે ઊંડી સમજણ આપતી માહીતીઓ પીરસવામાં આવી હતી.<br><br>આ સાથે જ આ પુસ્તકોના વાચકોએ ફ્યુચર્સ અને ઓપ્શન્સની આંટીઘૂંટીઓની અને તેની સમ્રગ નીતીરીતીઓની સમજણ આપતું પુસ્તક તૈયાર કરવા વિનંતી કરી હતી. તેમની આ વિનંતીને માન આપીને અમે અમારા શ્રેષ્ઠ પ્રયત્નો ◌ીને ડેરીવેટીવસના માર્કેટના દરેક પાસાઓને લગતી બારીકમાં બારીક માહીતી આ પુસ્તકના માદ્યમથી આપની સમક્ષ રજૂ કરવાની કોશિશ ◌ી છે. અમને આશા છે કે આ પુસ્તક તમને ઘણું મદદરૂપ બનશે. તમારો સહકાર આ પુસ્તકને પણ જબરદસ્ત સફળતા અપાવશે.<br>ઇક્વિટી શેર્સ અને ભાવાંક (ઇન્ડાઇસિસ) ના ડેરીવેટિવ્સમાં ફ્યુચર્સ અને ઓપ્શન્સનો સમાવેશ થાય છે. આ પુસ્તકમાં ડેરીવેટિવ્સનું બજાર શું છે તેની વિગતવાર સમજણ રોકાણકારોને આપવાની કોશિશ કરવામાં આવી છે. તેની સાથે જ શેરબજારમાં કરવામાં આવેલાં રોકાણ સામેના જોખમો હળવાં કરીને જંગી કમાણી કરવા માટે ડેરીવેટિવ્સના ઇન્સ્ટ્રુમેન્ટ્સ(જુદાં જુદાં વિકલ્પ)નો કેવી રીતે ઉપયોગ કરવો તેની સમજણ આપવામાં આવેલી છે.<br><br>સ્પેક્યુલેટ કરતા શીખો હેજિંગ કરતા શીખો આર્બિટ્રેજ કરતા શીખો | ~~₹250~~ ₹230 |
| **10** |  | ## ઓપ્શન સ્ટ્રેટેજીનું માર્ગદર્શન<br>INDEX :https://t.me/c/1459327710/1197<br>બજારમાં તેજી હોય કે મંદી હોય કે પછી બજાર સ્થિર હોય ત્યારે ઓછામાં ઓછા જોખમે કેવી રીતે કમાણી કરવી તેની સમજૂતી પણ આ પુસ્તકમાં આપવામાં આવી છે<br><br>આ પુસ્તક સંપૂર્ણપણે ઓપ્શન્સના વ્યૂહને સમર્પિત છે. આ સંપૂર્ણ પુસ્તક જ તેની ખાસિયતોને વાચકોને વિગતવાર ખ્યાલ આપી દે તે માટે અમે ફ્યુચર અને ઓપ્શન્સનું માર્ગદર્શન આપતા અમારા અગાઉના પુસ્તકના કેટલાક પ્રકરણ અને કેટલાક વિષયોને આ પુસ્તકમાં પણ સ્થાન આપ્યું છે.<br><br>ઓપ્શન્સને લગતી પાયાની વિગતો અને તેની ટેકનિક પરિભાષામાં આવેલા છેલ્લામાં છેલ્લા ફેરફારોને પણ આ સાથે અમે આ પુસ્તકમાં સમાવી લીધા છે. પરિણામે આખું પુસ્તક વાંચી લીધા પછી ઓપ્શન્સ ટ્રેડિંગની બાબતમાં વાચકને વધુ કંઈ વાંચવાની જરૂર રહેશે નહી. અમને આશા છે કે આ પુસ્તકમાં અમે પ્રામાણિક ઈરાદા સાથે લીધેલી કેટલીક છૂટછાટની આપ એક વાચક તરીકે કદર કરશો.<br><br>અમે આશા રાખી રહ્યા છીએ કે આ પુસ્તક આપને ઘણું ઉપયોગી થશે. હા, તમારો સહકાર જ આ પુસ્તકને પ્રચંડ સફળતા અપાવશે. | ~~₹250~~ ₹230 |

| No. | Product | Detail | Price |
| --- | --- | --- | --- |
| **11** |  | ## હાર્મોનિક ટ્રેડિંગ પેટર્ન્સ વિથ ટેક્નિકલ એનાલિસિસ<br>INDEX :<br>રોહન શાહ (BFM. CMTLevel 1) ટેકનીકલ એનાલિસિસમાં વિશાળ અનુભવ ધરાવે છે. તેમાં પણ ખાસ કરીને હાTO ટ્રેડિંગમાં તેઓ નિષ્ણાત છે. તેઓ હાલમાં બીપી ઈક્વિટીઝ પ્રાઈવેટ લિમિટેડ ખાતે ટેકનીકલ એનલિસ્ટસ તરીકે સેવારત્ છે. તેઓ અગાઉ ડી.સી. કે. નારાયલના માર્ગદર્શન બેઠળ ચાર્ટ એડવાઈઝ સાથે જો આવેલા હતા.<br>હાર્મોનિક ટ્રેડિંગ એ તમાય બજારોમાં - ઇઘિટી, કરન્ટી, પ્રેમોડિટીઝ અને વિદેશી બજારોમાં અને તમામ ટાઈમ તેમમાં થઈ શકે છે. આ પુસ્તક તમને ફિબીનમી રેશિયોઝનો ઉપયોગ કરીને AB-CD. ગાર્ટલી, ભેટ, ભટરફલાય અને કેબ જેવી લોકપ્રિય હાર્મોનિક પેટર્નને કેવી રીતે ઓળખથી અને અને ટ્રેડ કરવી તે શીખવશે.<br>ટેકનીકલ એનાલિસિસમાં થણાં પરંપરાગત ટૂલ્સ છે જે લોકપ્રિય અને પ્રભાવશાળી છે. આવું જ એક સરળ ટૂલ છે ફિબોનસી ટૂલ જે સપોર્ટ, રેઝિસ્ટન્સ, માર્કેટ ડિરેક્શન અને સ્ટ્રેન્થ નક્કી કરવામાં મદદરૂપ થાય છે.<br>હાર્મોનિક પેટર્ન્સને આધારે ટ્રેડિંગથી હું ખૂબ જ આકર્ષાયો છું કારણ કે ફિબોનસી રેશિયો તેનો પાયાનો સિદ્ધાંત છે જેના આધાર પર આ પેટર્ન્સ રચાય છે.<br>હું હાર્મોનિક પેટર્ન્સનો ૬ વર્ષથી વધુ સમયથી ઉપયોગ કરી રહ્યો છું અને ટ્રેડિંગમાં તે મને ખૂબ જ ઉપયોગી થઈ છે. આ પેટર્ન્સને આધારે ટ્રેડિંગનો સૌથી મોટો ફાયદો એ છે કે તેનાથી રિસ્ક-રિવોર્ડની ખૂબ સારી તક મળે છે. હું અન્ય ટેકનીકલ એનાલિસિસ ટૂલ્સની સાથે આ હાર્મોનિક પેટર્ન્સનો ઉપયોગ કરી રહ્યો છું જેથી મને વધુ સારા પરિણામ મળ્યા છે અને હું જે શીખ્યો અને મારા જે અનુભવો રહ્યા તેનો નિચોડ મેં અહીં રજૂ કર્યો છે જે તમને ટ્રેડિંગમાં ઉપયોગી થશે તેવી આશા છે.<br>આજે સમગ્ર વિશ્વમાં હાર્મોનિક પેટર્ન્સ અને તેના આધારે ટ્રેડિંગ ખાસ્સું લોકપ્રિય થયું છે ત્યારે ભારતમાં તેના વિશે જાણતા હોય અથવા તો તેના આધારે ટ્રેડિંગ કરતા હોય તેવા બહુ ઓછા ટ્રેડર્સ છે. કદાચ આ હકીકતને કારણે જ હું આ પુસ્તક લખવા માટે પ્રેરિત થયો જેથી વધુ ને વધુ લોકો આ ટ્રેડિંગ સ્ટ્રેટજીને સમજે અને તેના દ્વારા વધુ ને વધુ કમાણી કરી શકે.<br>મેં આ પુસ્તક ગહન વિગતો સાથે છતાં ખૂબ જ સરળ ભાષામાં લખવાનો પ્રયાસ કર્યો છે જેથી સામાન્ય વ્યક્તિ કે ટ્રેડિંગમાં હમણાં-હમણાં ઝંપલાવનારાઓ પણ તે સમજી શકે.<br><br>પુસ્તકની શરૂઆત ફાઈનાન્શિયલ માર્કેટમાં ટ્રેડિંગ વિશે પરિચય સાથે કરી છે જેવ માર્કેટમાં નવા પ્રવેશી રહેલા ટ્રેડર્સને પણ તે ઉપયોગી થશે. ત્યાર પછી વાચકો ફિબોનસી સીરિઝથી પરિચિત કરવામાં આવ્યા છે અને આ કન્સેપ્ટનો હાર્મોનિક ટ્રેડિંગમાં રિટ્રેસમેન્ટ્સ અને પ્રોજેક્શન્સ સ્વરૂપે કઈ રીતે ઉપયોગ કરવો તેમ જાણકારી આપવામાં આવી છે.<br>ત્યાર પછીના તબક્કે, મેં વિવિધ હાર્મોનિક પેટર્ન્સ જેવી કે AB=CD, રેસિપ્રોફફ AB=CD, ગાર્ટલી, બેટ, બટરફલાય અને ક્રેબ વિશે સમજાવવાનો અને અન્ય ટેકનીકલ એનાલિસિસ ટૂલ્સ સાથે તેનો કેવી રીતે ઉપયોગ કરવો તે સમજાવવાનો પ્રયાસ કર્યો છે. અંતમાં મેં કેસ સ્ટડી એટલે કે ઉદાહરણો આપ્યા છે જેના દ્વારા આ તમામ કન્સેપ્ટ્સ વધુ સારી રીતે સમજવામાં મદદ મળશે.<br>દરેક ટ્રેડરના મનમાં જે કેટલાક સૌથી અગત્યના સવાલ થાય છે તે પૈકી એક સવાલ એ છે કે એન્ટર ક્યારે થવું ? સ્ટોપલોસ શું હોવો જોઈએ ? પ્રોફિટ ક્યારે બુક કરવો જોઈએ? મેં આ તમામ સવાલોના જવાબ તમામ હાર્મોનિક પેટર્ન્સ માટે આપવાનો અને ઉદાહરણો દ્વારા તેને સમજાવવાનો પ્રયાસ કર્યો છે.<br>હાર્મોનિક ટ્રેડિંગ વિશે સમજવા માગતા તમામ ટ્રેડર્સને આ પુસ્તક ઉપયોગી થશે અને આગામી વર્ષોમાં ભારતમાં પણ અન્ય દેશોની જેમ હાર્મોનિક ટ્રેડિંગ વધુ ને વધુ લોકપ્રિય થશે તેવી મને આશા છે.<br><br>બેસ્ટ ઓફ લક ! | ~~₹325~~ ₹299 |

| No. | Product | Detail | Price |
|---|---|---|---|
| **12** |  | ## થિન્ક લાઈક ચાણક્ય ઇન્વેસ્ટમેન્ટ લાઈક ગ્રાહમ એન્ડ બફેટ<br>INDEX :<br>આ પુસ્તકમાં લેખકોએ ચાણક્યના નીતિ શાસ્ત્રમાંથી મહત્ત્વના બોધપાઠ લઈને<br><br>સ્ટોક માર્કેટ ઈન્વેસ્ટિંગમાં તેનું મહત્ત્વ સમજાવવાનો અને બેન્જામીન ગ્રાહમ<br><br>તથા વોરેન બફેટના વેલ્યૂ ઈન્વેસ્ટિંગના સિદ્ધાંતો સાથે તેનો સમન્વય કરવાનો<br><br>પ્રયાસ કર્યો છે અને તેના દ્વારા રોકાણકારોને શેરબજારમાં રોકાણ કરીને<br><br>કમાણી કરવાનો મંત્ર શીખવવાનો પ્રયાસ કર્યો છે.<br><br>એક સામાન્ય રોકાણકારને પણ ઈન્ટેલિજન્ટ ઈન્વેસ્ટર બનવામાં અને લાંબા ગાળે અઢળક સંપત્તિનું સર્જન કરવામાં આ પુસ્તક મદદરૂપ બનશે.<br><br>"સ્ટોક માર્કેટ" શબ્દનો ઉલ્લેખ થતા જ આપણા મગજમાં વેલ્થ-સંપત્તિ-રૂપિયા- નાણાં દેખાવા લાગે છે. તેનું કારણ એ છે કે આપણે હંમેશા એ જાણીતી કહેવત સાંભળી છે કે “સંપત્તિનું સર્જન કરવા માટે ઈક્વિટી એ શ્રેષ્ઠ એસેટ ક્લાસ છે.”<br><br>ઈક્વિટી માત્ર ફુગાવા સામે સંપત્તિનું રક્ષણ કરે છે એટલું જ નહી, પરંતુ રોકાણના અન્ય વિકલ્પો કરતાં પણ વધારે ઊંચા દરથી તમારી સંપત્તિમાં વધારો કરે છે, ચક્રવૃદ્ધિદરે વધારો કરે છે. છેલ્લાં ૩૦ વર્ષમાં ઈક્વિટી (સેન્સેક્સ) માં સરેરાશ વાર્ષિક ૧૫ ટકાના દરે વળતર મળ્યું છે અને ફુગાવાનો દર અંદાજે ૭ ટકા જેવો રહ્યો છે.<br><br>જો તમે એક સરળ સલાહને અનુસરો તો સ્ટોક માર્કેટમાં કમાણી કરવી સરળ છે – “નીચામાં ખરીદો અને ઊંચામાં વેચો” અલબત્ત, આ કહેવું સરળ છે, પણ ખરેખર અનુસરવું અઘરું છે.<br><br>ઈક્વિટીમાં રોકાણમાં જોખમ પણ છે, કારણ કે આ વોલેટાઈલ એસેટ ક્લાસ છે, મતલબ કે તેમાં ઊતાર-ચઢાવ ખાસ્સા જોવા મળે છે. પરંતુ ડેટા દર્શાવે છે કે જો તમે લાંબા સમયગાળા માટે ઈક્વિટીમાં રોકાણ જાળવી રાખો તો નેગેટિવ રિટર્ન મળવાની સંભાવના ઘણી ઓછી થઈ જાય છે.<br><br>પણ આટલું પૂરતું નથી, સ્ટોક્સમાં રોકાણ કરીને સંપત્તિનું સર્જન કરવા માટે યોગ્ય આયોજન, ધીરજ અને રોકાણ અંગેના સિદ્ધાંતોને અનુસરવા માટેની લાંબા ગાળાની વચનબદ્ધતા હોવી જરૂરી છે. અને અહી જ મોટાભાગના લોકો નિષ્ફળ જાય છે અને પરિણામે સ્ટોક માર્કેટમાં નાણાં ગુમાવે છે.<br><br>સ્ટોક માર્કેટમાં ૯૦ ટકા લોકો નાણાં ગુમાવે છે અને ખાસ કરીને રિટેલ રોકાણકારો તો મોટા ભાગે નાણાં ગુમાવતા જોવા મળે છે.<br>તેનું કારણ એ છે કે મોટાભાગના લોકો અધૂરા જ્ઞાન સાથે શેરબજારમાં પ્રવેશે છે, તેમાં પણ ઘણાં એવા હોય છે જેમણે બીજા લોકોની સફળ ગાથા સાંભળીને પ્રેરાઈને શેરબજારમાં ઝંપલાવ્યું હોય છે.<br><br>આ અધૂરા જ્ઞાનને કારણે તેઓ તેમના મિત્રો, સંબંધીઓ, સહકર્મચારીઓની સલાહ મુજબ કે બિઝનેસ ન્યૂઝ ચેનલમાં આપવામાં આવતા સલાહ-સૂચનો કે ટિપ્સને આધારે સ્ટોક્સ પસંદ કરીને રોકાણ કરી લેતા હોય છે. તેમના રોકાણ અંગેના નિર્ણય પાછળ કયો તર્ક છે તેનો તેઓ વિચાર પણ કરતા નથી.<br><br>શેરબજારમાં નુકસાનનું બીજું મહત્વનું કારણ એ છે કે લોકો ફીયર (ભય), ગ્રીડ (લાલચ), અને ઈગો (અહમ) જેવી માનવીય લાગણીઓને આધારે રોકાણ સંબંધિત નિર્ણય લઈ લેતા હોય છે.<br><br>સ્ટોક માર્કેટમાં સંપત્તિનું સર્જન કરવું હોય તો સ્ટોક માર્કેટને અસર કરતા વિવિધ પરિબળો વિશે વ્યાપક સમજ કેળવવી જરૂરી છે.<br><br>આ પુસ્તકમાં અમે ચાણક્યના નીતિ શાસ્ત્રમાંથી સ્ટોક માર્કેટમાં રોકાણ સંબંધિત કેટલાક બોધપાઠ અને સૂત્રો લીધા છે અને બેન્જામીન ગ્રાહમ તથા વોરેન બફેટના વેલ્યૂ ઈન્વેસ્ટિંગના સિદ્ધાંતો લઈને રોકાણકારોને એ સમજાવવાનો પ્રયાસ કર્યો છે કે સ્ટોક માર્કેટમાં ખરા અર્થમાં કેવી રીતે કમાણી કરી શકાય.<br><br>આ રીતે આ પુસ્તક ત્રણ મહાન હસ્તિઓ - ચાણક્ય, બેન્જામીન ગ્રાહમ અને વોરેન બફેટના કાલાતીત જ્ઞાન અને સમજ ઉપલબ્ધ કરાવે છે. જો રોકાણકાર તેને અનુસરે તો ચોક્કસપણે લાંબા ગાળે અઢળક સંપત્તિનું સર્જન કરી શકે છે. | ~~₹250~~ ₹230 |